# ગદ્ય–પદ્ય શિક્ષણની વિવિધ પધ્ધતિઓ

● સંકલિત

## ગદ્ય શિક્ષણની વિવિધ પધ્ધતિઓ

(૧)કથન પધ્ધતિ
(૨)ચર્ચા પધ્ધતિ
(૩)પ્રશ્નોત્તરી પધ્ધતિ
(૪)વાર્તા પધ્ધતિ
(૫)નાટિયકરણ
(૬)ચિત્ર પધ્ધતિ
(૭)રસાસ્વાદ પધ્ધતિ

## પદ્ય શિક્ષણની વિવિધ પધ્ધતિઓ

(૧) ગીત અભિનય પધ્ધતિ
(૨)અર્થબોધ પધ્ધતિ
(૩)તુલના પધ્ધતિ
(૪)વ્યાખ્યાન પધ્ધતિ
(૫)રસાસ્વાદ પધ્ધતિ
(૬)સમીક્ષા પધ્ધતિ

જે ખરેખર શિક્ષણ આપતા હોય તેઓ હંમેશા શીખતા રહે છે.

# પ્રશ્નમંચ–૨

(૧)ભારતમાં સતી થવાનો રિવાજ કયા સમાજ સુધારકે બંધ કરાવ્યોહતો?

(૨)ઓડિસી નૃત્ય શૈલી કયા પ્રદેશની વિશેષતા છે?

(૩)અવકાશી પદાર્થોનું અંતર માપવા માટે લંબાઈનો કયો એકમ વપરાય છે?

(૪)પાણીમાં  હાઈડ્રોજન અને ઓકિસજનના  કદનું પ્રમાણ કેટલું છે?

(૫)બે સમાંતર અરીસાની વચ્ચે મૂકેલ  વસ્તુના કેટલા પ્રતિબિંબ મળે?

(૬)કિર્તીમંદિર કયા મહાનુભવનું સ્મારક છે?

(૭)બ્રેકમાં કયો વૈજ્ઞાનિક નિયમ કામ કરે છે?

(૮)ગ્રંથ સાહેબ એ કયા ધર્મનું ધર્મ પુસ્તક છે?

(૯)ભારતની લોકસભાના સૌ પ્રથમ અધ્યક્ષ(સ્પિકર) કોણ હતા?

(૧૦)કથકલી નૃત્યશૈલી ભારતના કયા પ્રદેશની વિશેષતા છે?

(જવાબ આવતા અંકે)

## ગતાંક પ્રશ્નમંચ –૧ના જવાબ

(૧)૧૦૦° સેન્ટીગ્રેડ(૨) મલેશિયા(૩)સબસ્ક્રાઈબર્સ ટ્રંક ડાયલીંગ(૪)પારો

(૫)પ્રકાશનું વક્રિભવન(૬)માઉન્ટ એવરેસ્ટ(૭)પેસિફિક મહાસાગર(૮)પ્રકાશવર્ષ

(૯)સારનાથ(૧૦)વિરતા,ત્યાગ,બલિદાન

**ડાળી ખૂબ સહન કરે છે અને તેથી તે હંમેશા નીચે નમે છે.**

# પુસ્તક સમીક્ષા

કોઈપણ પુસ્તકની સમીક્ષામાં બે બાબતોનો સમાવેશ થાય છે.(૧)ભૌતિક(બાહ્ય) સ્વરૂપ(૨)વિષયવસ્તુગત(આંતરિક) સ્વરૂપ.

આ બન્ને સ્વરૂપના નીચે મુજબના લક્ષણો ધ્યાને લઈ કોઈપણ પુસ્તકની સમીક્ષા થઈ શકે.'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત આ ઉપયોગી બનશે.

| **ભૌતિક(બાહ્ય) સ્વરૂપ** | **વિષયવસ્તુગત(આંતરિક) સ્વરૂપ** |
|---|---|
| (૧)મુખપૃષ્ઠ | (૧)વિષયવસ્તુ |
| (૨)પાછળનું આવરણ | (૨)ભાષાશૈલી |
| (૩)કાગળ | (૩)મૂલ્ય સ્થાપન |
| (૪)છાપકામ | (૪)અનુબંધ |
| (૫)બાંધણી | (૫)ભાષકીય કૌશલ્યો |
| (૬)પૃષ્ઠસંખ્યા | (૬)ક્રમિકતા |
| (૭) કદ–આકાર | (૭)ચિત્રો |
| (૮)કિંમત | (૮)કર્તા–કૃતિ પરિચય |
| (૯)શિર્ષક | (૯) નિષ્કર્ષ(ઉપસંહાર) |

**ભાગ્ય સાહસીનો પક્ષ લે છે.**

- વર્ગખંડમાં જરૂરીયાત મુજબ પ્રવૃતિને સરળ અથવા મુશ્કેલ બનાવી શકાય.
- વાંચન એ પણ પ્રવૃતિ છે.દા.ત–આ પાના માંથી પ મુળાક્ષરથી શરૂ થતાં શબ્દો શોધો.
- પ્રવૃતિ એટલે –સાર્થક હોય

  –રૂચિપૂર્ણ હોય

  –ઉપયોગી હોય

  –આકર્ષક હોય

  –મુકત હોય

- પ્રવૃતિ એ શિક્ષણની પ્રક્રિયાને સરળ અને આનંદદાયી બનાવે છે.
- પ્રવૃતિ એ શિક્ષણનો એક ભાગ છે.
- પ્રવૃતિથી બાળકને વિચારતો,તર્ક કરતો,જાતે શીખતો કરી શકાય છે.
- પ્રવૃતિ એ વિષયવસ્તુના કોન્સેપ્ટને સ્પષ્ટ કરવાનું માધ્યમ છે.
- બધા બાળકો અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખી પ્રવૃતિ થવી જોઈએ.
- પ્રવૃતિ અને શિક્ષણનો સબંધ જોડાવો જોઈએ.
- વર્ગખંડમાં પ્રવૃતિ ક્રમશઃ થવી જોઈએ.આપ આગળ જણાવેલ પગથિયાં મુજબ હવે પછી પ્રવૃતિ આદરી આપના અનુભવો જણાવશો તો ગમશે.

**નમ્રતાની હાજરી સંઘર્ષ ને દૂર હટાવે છે.**

## સાંકળિયું


(૧)મારી વાત..........................૨

(૨)આટલો સંદેશો................૩/૪/૫

(૩)પુસ્તક સમીક્ષા.......................૬

(૪)ગદ્ય–પદ્ય શિક્ષણની પધ્ધતિઓ.....૭

(૫)વિશ્વની સાત અજાયબીઓ........૮

(૬)પ્રશ્નમંચ..........................૧૦

(૭)વિચાર બિંદુ.......................૧૧

(૮)આહવાન..........................૧૨


### વાંચકોને/શિક્ષકોને/લેખકોને

- પ્રાથમિક શિક્ષણ જગતને ઉપયોગી પ્રેરણાદાયી બને તેવા મૌલિક,અનુભવજન્ય ,અભ્યાસપૂર્ણ,ટૂંકા લેખો કે માહિતી આવકાર્ય છે.
- પ્રા.શિક્ષણ અંગેના સમાચાર,વિશેષતા,વિવિધ પ્રવૃતિ આવકાર્ય છે.
- અસ્વિકૃત લેખો કૃતિઓ પરત મોકલવામાં આવતી નથી.
- જે તે લેખકના લેખો,વિચારો સાથે સંપાદક કે સલાહકાર મંડળ સંમત છે તેમ માનવું નહી.
- આ સામયિક શૈક્ષણિક હેતુ માટે જ છે.
- આપના પ્રતિભાવો અને સૂચનો હંમેશા આવકાર્ય રહેશે.

## મારી વાત

શિયાળાની ફૂલગુલાબી ઠંડી ધીમે ધીમે વાતાવરણમાં પ્રસરી રહી છે.શિયાળો જાણે પોતાના ટ્રેક પર ગતિ પકડી રહ્યો છે. આ પ્રકૃતિ પણ સમયાધીન કેવી બદલાય છે!કેટલી અને કેવી નિયમિતતા!સમયાધીન કેવી અનુકૂળતા!આ પ્રકૃતિ પણ બદલાવને કયાં નથી આવકારતી?પરિવર્તન એ તો સંસારનો નિયમ છે.

''દિવાદાંડી''નવેમ્બર–૧૦ ના પ્રથમ અંક અને મારા પ્રથમ પ્રયત્નને આપ સૌએ ઉમળકાભેર આવકાર્યોછે.આપના હકારાત્મક સૂચનો,પ્રતિભાવો અને અમૂલ્ય માર્ગદર્શન પણ મળ્યું છે.આપે મારામાં મુકેલ શ્રધ્ધા થકી આપની અને શિક્ષણ જગતની સેવા કરતાં રહેવાનું બળ મળ્યું છે.આપ આપના સૂચનો ,પ્રતિભાવો મોકલતાં રહેશો.આપ સર્વેનો ખૂબ ખૂબ આભાર.

**''માં તુજે સલામ''**

–મનિષ સુથાર

# વિચાર બિંદુ

ઊંચાઈ મળવાથી કંઈ મંઝિલ મળી જથી નથી,

હું કંઈક વ્યકિતઓને પર્વત પર રખડતી જોઉ છું.

---

જીવનમાં યોગી નહી બનો તો ચાલશે,

પણ કોઈને ઉપયોગી જરૂર બનજો.

–સ્વામી વિવેકાનંદ

---

માહિતી ગમે તેવી ગમે ત્યાંથી મળશે,

જ્ઞાન મેળવવાં પુસ્તકો જ વાંચવા પડે,તેના માટે શોર્ટ કટ નથી.

---

કાર્ય કરવાથી બધી જગ્યાએ ખુશી મળે કે ના મળે,

પણ કાર્ય કર્યા વગર ખુશી ના જ મળે.

---

ઊભા થઈ સત્ય બોલવું એ કપરૂં છે,

પણ સામે બેસીને સત્ય સાંભળવું તે તેનાથી વધુ કપરૂં છે.

---

**અર્થ(પૃથ્વી) કા કુછ કરો વરના અનર્થ હો જાયેગા.**

# પ્રવૃતિનાં ચાર પગથિયા

(૧)Experience –પડકાર ભર્યો અનુભવ આપવો

(૨) Reflection–અનુભવ બાદ તેના પર ચિંતન કરવું

(૩) Application–અનુપ્રયોગ

(૪) Consolidation–સંકલન(શીખેલું વ્યવસ્થિત કરવું)

- અને છેલ્લે સાથે કરીએ સારા કામ......................

(ઉપરોકત બાબતો એસ.આર.જી વર્કશોપમાં જાણવાં મળેલ છે,જે આપની સમક્ષ મૂકેલ છે.આશા છે કે પ્રવૃતિ અંગે આપને કંઈક નવીન અને જરૂરી જાણવા મળ્યું હશે.

–મનિષ સુથાર

## આગામી સંભવિત શૈક્ષણિક કાર્યક્રમો

| કાર્યક્રમનું નામ | તારીખ | સ્તર |
|---|---|---|
| ગણોત્સવ ૨૦૧૦ | ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૧૦ | શાળા કક્ષા |
| શ્રેષ્ઠ વાચક સ્પર્ધા | ડીસેમ્બર–૨૦૧૦ | શાળા કક્ષા |
| | ડીસેમ્બર–૨૦૧૦ | C.R.C કક્ષા |
| | જાન્યુઆરી–૨૦૧૦ | B.R.C કક્ષા |
| | જાન્યુઆરી–૨૦૧૦ | જિલ્લા કક્ષા |

**જે મૂકે માન,તે બને મહાન.**

# આટલો સંદેશો

શિક્ષણને આનંદદાયી,અસરકારક,સરળ અને ચિરસ્થાયી બનાવવાના હેતુથી આપણે વર્ગખંડમાં વિવિધ પ્રવૃતિઓ કરાવીએ છીએ.હાલ ધો ૧ થી ૮ના અભ્યાસક્રમ/પાઠયક્રમની પુનઃગઠન કામગીરી રાજયકક્ષાએ ચાલી રહી છે.જેની વખતો વખત યોજાતી કાર્ય શાળાઓમાં પ્રવૃતિઓ અંગે કેટલીક બાબતો જાણવા મળી છે,જે અહીં આપની સમક્ષ મુકું છું.આશા છે કે શિક્ષણકાર્યમાં પ્રવૃતિ અંગે આપને કંઈક વિશેષ જાણવા અને સમજવા મળશે.જે આપને ખૂબ ઉપયોગી બનશે .

- પ્રવૃતિ દરમ્યાન બાળકોના સ્થાનિક અનુભવો અને આસપાસના સ્થાનિક જ્ઞાનનો ઉપયોગ કરવો જોઈએ.
- કોઈપણ પ્રવૃતિમાં પડકાર આવશ્યક છે.
- આજ્ઞાપાલન કે સૂચના પાલન એ પ્રવૃતિ નથી.દા.તા–હાથ ઉપર નીચે કરવાં એ પ્રવૃતિ નથી.
- પ્રવૃતિ કરવી એ ખૂબ સરળ અને સ્વાભાવિક છે.
- પ્રવૃતિમાં શિક્ષકનું કામ ઓછું અને બાળકનું કામ વધુ હોય છે.
- આપણા વિષય/ધોરણ/વર્ગમાં કેવી કેવી પ્રવૃતિ કરાવી શકાય તે વિચારતાં રહેવું જોઈએ.
- ક્રિયા અને પ્રવૃતિ વચ્ચે તફાવત છે.
- હેતુ પૂર્વકની ક્રિયા એટલે પ્રવૃતિ.દા.તા–દોડવું એ ક્રિયા છે,પણ સવારે દોડવા જવું એ પ્રવૃતિ છે. તેમાં શરીર સ્વાસ્થ્યનો હેતુ સમાયેલો છે.

**વર્તમાન અને કર્તવ્ય આપણાં છે,ભવિષ્ય અને ફળ ઈશ્વરના છે.**

# વિશ્વની સાત અજાયબીઓ

–ડૉ.આઈ.કે.વીજળીવાળા

સાતમાં ધોરણનો ભૂગોળનો કલાસ ચાલતો હતો.શિક્ષકે દુનિયાની સાત અજાયબીઓની નોંધ કરવાની વિદ્યાર્થીઓને કહ્યું.માંડ માંડ કરીને દરેક દરેક વિદ્યાર્થીએ નીચે મુજબ સાત અજાયબીઓ લખી.

૧.ઈજિપ્તનો પિરામિડ

૨.તાજમહલ

૩.પિઝાનો ઢળતો મિનારો

૪.પનામાં નહેર

૫.એમ્પાયર સ્ટેટસ બિલ્ડિંગ

૬.બેબીલોનના બગીચા

૭.ચીનની મહાન દિવાલ

શિક્ષકે બધાના કાગળ તપાસ્યા.એમના ધ્યાનમાં આવ્યું કે એક છોકરી સાવ શાંત બેઠી હતી.કંઈક મુંઝાયેલી પણ લાગતી હતી,ઉપરાંત એણે પોતાનો કાગળ પણ શિક્ષકને બતાવ્યો ન હતો.

'કેમ બેટા!કંઈક તકલીફ છે?યાદ નથી આવતું?'....શિક્ષકે પૂછયું.

'નહી સર!એવું નથી. પણ મેં સાત અજાયબીઓ લખી છે એ તો બહુ ઓછી કહેવાય.એવું મને લાગે છે.

શિક્ષકને નવાઈ લાગી.સાત અજાયબીઓ ભેગી કરવાંમાં બધાને લોચા પડતાં હતા,ત્યાં આ છોકરી તો ઘણીબધી અજાયબીઓની વાત કરે છે!'ચાલ બોલ જોઉ,તેં કઈ સાત અજાયબીઓ લખી છે?'શિક્ષકે કહ્યું.

**શિક્ષણનો આરંભ ગર્ભથી અને અંત સ્મશાનમાં થાય છે.**

પેલી બાળકી થોડી ખચકાઈ,પછી પોતાના કાગળ સામે જોઈને બોલી.....મારા માનવા મુજબ વિશ્વની સાત અજાયબીઓ આ છે:

૧.સ્પર્શવું
૨.સ્વાદ પારખવો
૩.જોઈ શકવું
૪.સાંભળી શકવું
૫.દોડી શકવું,કૂદી શકવું
૬.હસવું અને
૭.ચાહવું,પ્રેમ કરવો

શિક્ષક સ્તબ્ધ બની ગયા.કલાસમાં પણ શાંતિ છવાઈ ગઈ.એમને થયું કે ભૂગોળની દષ્ટિએ આ ખોંટુ હોય પણ છોકરી જરા પણ ખોટી નથી......

આપણે કેટલી બધી આસાનીથી માણસે બનાવેલી નશ્વર વસ્તુઓને અજાયબીઓ ગણી લઈએ છીએ અને ભગવાને બનાવેલ અદભૂત રચનાઓને સામાન્ય ગણતા હોઈએ છીએ?!

પ્રભુ આપણને સાચી અજાયબીઓ ઓળખવાની શકિત આપે.

**આશીર્વાદ ખરીદી શકાતા નથી,તે મેળવવા પડે છે.**

ONLY FOR EDUCATIONAL PURPOSE AND PRIVATE CIRCULATION



# દીવાદાંડી

વર્ષ–૧
સળંગ અંક–૨
ડીસેમ્બર–૨૦૧૦



–:સંપાદક:–
મનિષ સુથાર
મ.શિક્ષક
પ્રા.શાળા,સમાદરા
તા.જિ.ખેડા

## ડીસેમ્બર–૨૦૧૦

લવાજમ વિનાનું નિ:શુલ્ક માસિક



અંક સૌજન્ય:કૈલાસબેન મિસ્ત્રી મુ.શિ પ્રા.શાળા,સમાદરા

# O આહવાન O

''દીવાદાંડી''સામયિકનો ડીસેમ્બર–૨૦૧૦ નો અંક આપ સૌએ વાંચ્યોં અને પચાવ્યો હશે.દીવાદાંડીની સુગંધ દરમાસે નિઃશુલ્ક આપના સુધી પંહોચાડવાનો પ્રયત્ન આદર્યો છે.દીવાદાંડી હાલ થોડી ઘણી પ્રાથમિક શાળાઓની સફરે જઈ રહયું છે.આપ પણ આ દીવાદાંડીની સુગંધને નિયમિત અને અવિરતપણે પ્રસરાવવામાં સહભાગી બની શકો છો.આપ દીવાદાંડીનો માસિક ખર્ચ આપી જે તે માસ માટે સૌજન્ય મેળવી શકો છો,જેનો ઉલ્લેખ આપના નામ અને શાળા સાથે જે તે માસના મુખપૃષ્ઠ પર જ કરવામાં આવશે.આવો આપણે કંઈક કર્યાનો અને કંઈક આપ્યાનો નિજાનંદ મેળવીએ.

જય શિક્ષક

–:સંપાદકઃ–

''દિવાદાંડી''સામયિક


પત્રવ્યવહાર/પ્રાપ્તિસ્થાન

મનિષ સુથાર

મદદનીશ શિક્ષક

પ્રા.શાળા,સમાદરા

પિન.૩૮૭૧૨૦

મો–૯૦૯૯૧૭૨૧૭૭

E-mail-

manishsuthar123@gmail.com


Book-Post

To.

..........................................

..........................................

..........................................

..........................................

..........................................

Pin. | | | | | |